પરિસ્થિતિ માનવીને અને માનવસંસ્કૃતિને પ્રભાવિત કરે જ છે

હોટલના માલિક બહાર આવ્યા. તેમણે પણ અમને આ જ વાત કહી. હોટેલના મકાનની બહાર એક પથ્થર પર એક સૂંડલો પડ્યો હતો. સૂંડલામાં બાફેલા બટાટા હતા. હોટેલમાલિકે અમને કહ્યું–

"આ સામે બાફેલા બટાટા છે. તમને અનુકૂળ લાગે તો લઈ લો. અમે થોડા બટાટા ખરીદ્યા. છાલ ઉતારીને અન્ય કોઈ સંસ્કાર કર્યા વિના જ બાફેલા બટાટા અમે પેટ ભરીને ખાધા. બહુ મીઠા લાગ્યા. અન્ન મીઠું નથી, ભૂખ મીઠી છે."

અમે હોટેલની બહાર એક શિલા પર બેઠા છીએ. કાતિલ ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. હોટેલમાલિક અમને મકાનની અંદર આવી જવા વીનવે છે

"મહારાજ! અહીં ઠંડો પવન ફૂંકાઈ રહ્યો છે. આપ અંદર આવીને બેસો. અંદર બે સગડીઓ સળગી રહી છે. આપને ગરમી મળશે." અમે બારણું ખોલીને અંદર ગયા, પણ અંદર સગડી પાસે બેસવાનું અમારાથી બની શકે તેમ નથી. બંને સગડીઓ પર માંસ રંધાઈ રહ્યું છે. અમને આ દૃશ્ય પણ ન ગમે. અને આ વાસ પણ ન ગમે. અમે આ ભલા માણસને અમારું અંદર ન બેસવાનું કારણ ન સમજાવી શક્યા, પણ અમે અંદર તો ન જ બેસી શક્યા. બિચારા આ હોટેલમાલિક અમારા આ તેમને વિચિત્ર લાગતા વર્તનને ન જ સમજી શક્યા."

અહીં લાંબો સમય રોકાવું અમને પરવડે તેમ નથી. આખરે સાંજ પહેલાં મુક્તિનાથ પહોંચવું જોઈએ. અમે આગળ ચાલ્યા.

આ રીતે ગંડકીના પટમાં જ ચાલતાં-ચાલતાં અમે કાકબેની નામના એક નાના પહાડી ગામમાં પહોંચ્યા. અહીં દામોદરકુંડથી આવતી નારાયણી ગંગા અને મુક્તિનાથથી આવતી ગંડકીનો સંગમ થાય છે.

અમે કાકબેની ગામમાંથી પસાર થયા. આખું ગામ જાણે ઉજ્જડ ગામ હોય તેમ લાગે છે. ભર બપોરે ગામની શેરીમાં કોઈ માનવીનાં દર્શન ન થાય તે કેવું? ગામમાં એક વિચિત્ર પ્રકારની સ્મશાનશાંતિ પથરાઈ ગઈ હોય તેમ લાગ્યું.

આપણા ગુજરાતમાં કોઈ ગામડામાં બપોરે જઈને જોઈએ તો? શેરીઓ માણસોથી ઊભરાતી હોય અને શેરીના ઓટાઓ કિલ્લોલ કરતા હોય. અહીં આમ કેમ છે? ગામનું પ્રત્યેક ઘર નિવાસી ઘર છે. પ્રત્યેક ઘરમાં માનવો વસે છે. અહીં કોઈ ઓટો નથી, અહીં કોઈ જાહેરસ્થાન નથી, અહીં કોઈ શેરીઓમાં કોઈ માનવીનાં દર્શન થતાં નથી. ઘડીભર તો એમ લાગ્યું કે આ ગામના બધા માણસો ગામ છોડીને ચાલ્યા તો નથી ગયા ને! બકાસુરે આ ગામને ઉજ્જડ નગરી તો નથી બનાવી દીધી ને! ના, એમ પણ નથી. અહીં પ્રત્યેક ઘરમાં માણસો વસે છે. માનવ-વસવાટનાં સ્પષ્ટ ચિહ્નો જણાય છે. ઘરમાં ક્યાંક-ક્યાંક

> બારે માસ કાતિલ ઠંડી અને કાતિલ ઠંડા પવનના આ પ્રદેશમાં શેરીની બહાર ઓટલા પર કે મંદિરના ઓટલે બેસવાનો વિચાર જ કોને આવે? અહીંની પરિસ્થિતિ જ એટલી ભિન્ન છે કે ભિન્ન જીવનપદ્ધતિ અને ભિન્ન સંસ્કૃતિ હોય જ

ધીમો-ધીમો માનવ ગણગણાટ સંભળાય છે, ક્યાંક-ક્યાંક અગ્નિની સાબિતી જેવો ધુમાડો પણ દેખાય છે. આ કાકબેની ગામ માનવ વસવાટવાળું જીવતું-જાગતું ગામ છે અને છતાં ધોળે દિવસે સાવ સ્મશાન જેવું લાગે છે. અમે ગામની શેરીમાં આંટા માર્યા, પણ સમ ખાવા માટે પણ એક પણ માનવીનાં દર્શન ન જ થયાં.

પરિસ્થિતિ માનવીને અને માનવસંસ્કૃતિને પ્રભાવિત કરે જ છે. આ એક જુદી દુનિયા છે. અહીંની જીવનપદ્ધતિ જ સાવ ભિન્ન છે. બારે માસ કાતિલ ઠંડી અને કાતિલ ઠંડા પવનના આ પ્રદેશમાં શેરીની બહાર ઓટલા પર કે મંદિરના ઓટલે બેસવાનો વિચાર જ કોને આવે?

અહીંની પરિસ્થિતિ જ એટલી ભિન્ન છે કે ભિન્ન જીવનપદ્ધતિ અને ભિન્ન સંસ્કૃતિ હોય જ.

તેમની સાથે લાંબો સમય રહ્યા વિના તેમને સમજી શકાય નહિ અને તેમને મૂલવી શકાય નહિ. અહીં એક જુદી જ જીવનપદ્ધતિ, એક જુદી જ સંસ્કૃતિ છે.

મહાભારતનું મનોરૂપ
ભાણદેવ

ક્રમશઃ

વિશ્વનું સૌથી મોટું વિરાટ રામાયણ મંદિર

સંસ્કૃતિ દર્શન
સનત દવે

'યથા રાજા તથા પ્રજા' જેવી એક ઉક્તિ બહુ જાણીતી છે. રામરાજ્ય જેવા સુશાસનને સ્વાભાવિક સૌ કોઈ ઈચ્છતું હોય પણ એક હજાર વર્ષની મોગલો અને પછી અંગ્રેજોની ગુલામી કરી સોનાની ચિડિયા કહેવાતો દેશ લૂંટાઈને પાયમાલ થઈ ગયો ત્યારે એને '47ની આઝાદી પછી માંડ ઉભરવાની તક મળી, માત્ર ઉભરવાની જ.., મુક્તપણે વિશાળ ગગનમાં વિહરવાની નહીં, કારણ કે આઝાદી પહેલાંના જાતિવાદી અને કોમવાદી પ્રશ્નો ભાગલા પછી પણ નહોતા ઉકેલાયા. એક સમયના સમૃદ્ધ ભારતને તેના સમૃદ્ધ સમયની અપેક્ષા હતી, અંતે જે છ-સાત દાયકાઓ પછી સંસ્કાર, સંસ્કૃતિ અને સંપત્તિની સમૃદ્ધિ 'યથા રાજા તથા પ્રજા'ના આધારે ફળીભૂત થવાની આશાઓ જાગી છે. લોકો વધુ ધાર્મિકતા તરફ વળ્યા છે. પ્રૌઢો અને વૃદ્ધો સામાન્ય રીતે ધાર્મિક હોય સ્વાભાવિક છે પણ આજનું યુવાધન પણ ધાર્મિક વાતાવરણની અસરને અનુસરતું દેખાઈ રહ્યું છે. દરેક ધર્મને સાથે રાખીને વર્તમાન સરકારનું સનાતન પ્રત્યેનું પણ સહકારી વલણ પ્રભાવી રહ્યું છે. કેદારનાથ રિનોવેશન, કાશી-ઉજ્જૈનના કોરીડોર, જગન્નાથપુરી કોરીડોર સાથે મહત્ત્વપૂર્ણ રામમંદિર નિર્માણ જેવાં તીર્થસ્થાનો માટેનાં સત્કાર્યો સાથે દેશની આર્થિક સ્થિતિ સુધારણાની નીતિઓથી વર્તમાન ભારતનો પરિવર્તનનો મૂડ સૌ કોઈને સ્હેજે સ્પર્શી જાય તેવો બની રહ્યો છે અને એ જ દોરમાં બિહારમાં વિશ્વનું સૌથી મોટું રામાયણ મંદિર નિર્માણાધીન છે. આજે નૂતન નિર્માણાધીન રામાયણ મંદિર સ્પર્શી થોડી વાતો કરવી છે.

જનસંખ્યાની દૃષ્ટિએ બિહાર એ ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર પછી ત્રીજા ક્રમે છે. અસામાજિક તત્ત્વો બીજા રાજ્યની સરખામણીએ ઉત્તરપ્રદેશ અને બિહારમાં વધુ હતાં પણ છેલ્લાં દસ વર્ષથી જબરદસ્ત રીતે ઘટી રહેલી ગુનાખોરી જેવી બાબતને નજરઅંદાજ કરીને ધાર્મિક મહત્ત્વતા ધરાવતા બિહારની વાત કરીએ તો નાલંદા, વૈશાલી, ગયા-બોધિગયા, પાવાપુરી, સાસારામ અને સીતામઢી જેવા પાવન ક્ષેત્રોથી બિહારની ધરતી ઉજ્જવળ છે. જૈન ધર્મના ચોવીસમાં તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીનો જન્મ અહીંના વૈશાલી ક્ષેત્રના ક્ષત્રિય કુંડમાં ઈ.સ.પૂર્વ 599ના વર્ષમાં થયો હતો. રાજ પરિવારમાં જન્મેલા મહાવીર સ્વામી સત્યની શોધ માટે 30 વર્ષની ઉંમરે રાજવૈભવનો ત્યાગ કરી આત્મકલ્યાણાર્થે નીકળી ગયા હતા. 12 વર્ષની કઠીન તપશ્ચર્યા બાદ કેવલ જ્ઞાન પ્રાપ્ત થતાં મુમુક્ષો અને યાચકોના ઉદ્ધારાર્થે ઈશ્વરની કૃપા પામવા ધર્મનો પ્રચાર-પ્રસાર કર્યો. 72 વર્ષની ઉંમરે પાવાપુરીમાં મોક્ષની પ્રાપ્તિ કરનાર મહાવીર સ્વામીની જન્મજયંતી, મોક્ષ દિવસ, જૈન સમાજ પ્રતિ વર્ષ મનાવે છે. અહીંના વૈશાલી, કુણ્ડલપુર, પાવાપુરી તથા રાજગીર ખૂબ વિખ્યાત જૈન તીર્થો છે. ઉપરાંત ઈ.સ.પૂર્વે 563ના વર્ષમાં બિહારની સરહદ પરના લુંબીનીમાં શાક્યવંશના રાજા શુદ્ધોધનને ત્યાં ભગવાન બુદ્ધ સિદ્ધાર્થના રૂપે જન્મ્યા હતા. તેઓ પણ 29 વર્ષની વયે રાજપાટ છોડી દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ માટે નીકળી ગયા હતા. વર્ષોની તપશ્ચર્યાને અંતે બિહારના બોધિગયા ખાતે એક વૃક્ષની નીચે જ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. તેમણે સ્થાપેલ બૌદ્ધ ધર્મ છેક ચીન-જાપાન-તિબેટ સુધી ફેલાયેલો. બોધિગયા ખાતે અનેક બૌદ્ધ મંદિરોના દર્શને દેશ-વિદેશથી પ્રતિવર્ષ લાખો દર્શનાર્થીઓ આવે છે. અહીંથી 13 કિ.મી.ના અંતરે ગયા તીર્થધામ છે. જ્યાં પૌરાણિક વિષ્ણુમંદિર છે. અત્રે પિતૃતર્પણનું અધિક મહત્ત્વ છે. એક માન્યતા અનુસાર માતા સીતાએ પણ પિતૃઓની તૃપ્તિ માટે શ્રાદ્ધકર્મ કરાવેલું.

શીખ ધર્મના અંતિમ ધર્મગુરુ ગુરુગોવિંદસિંહજીનો જન્મ 22 ડિસે. 1666ના રોજ બિહારના પટણામાં થયેલો. પટણામાં અનેક ગુરૂદ્વારાઓ છે. જૈન, બૌદ્ધ, હિન્દુ અને શીખ ધર્મના તીર્થધામ સમાન બિહારની પાવન ધરતી પર સીતામઢી પણ એક યાત્રાધામ છે. સીતામઢી કે જનકપુરી ખાતે માતા સીતાનો જન્મ થયેલો એ વિસંગતતા ઉપજાવે તેવો વિષય છે પણ જનકપુરી જવાના રસ્તે ચંપારણ જિલ્લાના કેસરીયા ચકિયા માર્ગ પરના કૈથવલિયા ખાતે દુનિયાનું સૌથી મોટું રામાયણ મંદિર બની રહ્યું છે. 3.67 લાખ વર્ગફૂટના વિશાળ ક્ષેત્રમાં અંદાજે 500 કરોડના ખર્ચે બનનારા આ રામાણય મંદિરની લંબાઈ 1080 ફૂટ અને પહોળાઈ 540 ફૂટ હશે. જેના મુખ્ય શિખરની ઊંચાઈ 270 ફૂટ હશે. મંદિર એટલું વિશાળ બનશે કે તેને 12 શિખર હશે. સૌથી ઊંચા 270 ફૂટના શિખર પછી 198 ફૂટનું અન્ય એક, 180 ફૂટના ચાર, 135 ફૂટનું એક અને 108 ફૂટના પાંચ એમ કુલ બાર શિખર ધરાવનારા આ મંદિરમાં અન્ય વિવિધ દેવી-દેવતાઓ માટે 22 ગર્ભગૃહ હશે. પટણાના મહાવીર મંદિર ન્યાસ દ્વારા સરકારની આર્થિક સહાય વગર જ મંદિરનું નિર્માણકાર્ય ચાલે છે. કંબોડિયાના અંકોરવાટ મંદિરની થીમ પર ભારતીય શૈલીમાં બનનાર આ મંદિરની ડિઝાઈન રામમંદિરની ડિઝાઈન બનાવનાર સોમપુરાએ બનાવી છે. એક અંદાજ મુજબ 2028માં આ ભવ્ય મંદિર તૈયાર થઈ જવાની અપેક્ષા રખાઈ છે.

મંદિરનું નિર્માણકાર્ય પૂરજોશમાં ચાલુ છે. જૂન 2023માં પ્રારંભ થયેલ નિર્માણકાર્ય માટે ખૂબ ચોક્સાઈથી ધ્યાન અપાઈ રહ્યું છે. 3200 જેટલા ભૂગર્ભ સ્થંભો અને મજબૂત પાયા ઉપર પહેલા માળના તૈયાર જવા સાથે બીજા ચરણના કામનો પ્રારંભ થઈ ગયો છે. ત્રણ માળના આ મંદિરના નામે કોઈ કોઈ દાન-રકમ ના ઉઘરાવે તેની પણ તકેદારી રખાઈ રહી છે. અયોધ્યાના રામમંદિરથી ત્રણ ગણુ મોટું બનનારું વિરાટ રામાયણ મંદિર વિશ્વનું સૌથી મોટું મંદિર તો હશે જ, પણ અહીં સ્થાપિત થનાર જગતના સૌથી મોટા શિવલિંગ માટે પણ વિખ્યાતિ પામશે.

> પ્રૌઢો અને વૃદ્ધો સામાન્ય રીતે ધાર્મિક હોય સ્વાભાવિક છે પણ આજનું યુવાધન પણ ધાર્મિક વાતાવરણની અસરને અનુસરતું દેખાઈ રહ્યું છે. દરેક ધર્મને સાથે રાખીને વર્તમાન સરકારનું સનાતન પ્રત્યેનું પણ સહકારી વલણ પ્રભાવી રહ્યું છે

આ લેખ તા. 17મીને શનિવારે લખાઈ રહ્યો છે ત્યારે રામાયણ મંદિરના એક પરિસરમાં વિરાટ શિવલિંગને પણ પ્રસ્થાપિત કરાયો હશે. 17મીએ તેને સ્થાપિત કરવાની જાહેરાત કરાઈ હતી. આ વિશાળ શિવલિંગની જાણકારી પણ આશ્ચર્ય ઉપજાવે તેવી છે. આ શિવલિંગનું નિર્માણ બિહારના આ સ્થળેથી 2500 કિ.મી. દૂર તમિલનાડુના મહાબલીપુરમ પાસેના પટ્ટીકાંડુ ગામમાં થયું છે. છેલ્લાં દસ વર્ષથી તૈયાર થઈ રહેલા એક જ પથ્થરમાંથી બનેલા 33 ફૂટ ઊંચા અને 33 ફૂટનો વ્યાસ ધરાવતા આ શિવલિંગનું વજન 210 ટન છે. એટલે કે 2 લાખ 10 હજાર કિલો વજનના શિવલિંગનું વધુ સરળ ભાષામાં વજન સમજીએ તો 50 હાથી અથવા તો ત્રણ હજાર માણસોના વજન બરાબર વજન કહી શકાય. ત્રણ માળના મકાન જેટલી ઊંચાઈ ધરાવતા આ શિવલિંગને તમિલનાડુના પ્રખ્યાત વાસ્તુકાર અને શિલ્પી સી. લોકનાથન અને તેની ટીમે સ્વરૂપ આપ્યું છે. આ શિવલિંગની ઉપર પણ નીચેની બાજુ ફરતે 72 શિવલિંગની એક એવી 14 લાઈનમાં 1008 નાના શિવલિંગ અંકિત કરાયા છે. તમિલનાડુમાં શિવલિંગ તૈયાર થયા પછી તેને બિહાર પહોંચાડવાનું સૌથી કપરું કામ હતું.

96 ટાયરવાળા લાંબા ટ્રક પર વિશાળ ક્રેનથી આ શિવલિંગને ગોઠવવામાં આવ્યું. માત્ર પાંચ કિ.મી. ની ગતિથી ચાલતો ટ્રક તમિલનાડુ, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ થઈને 38 દિવસે બિહાર ખાતેના વિરાટ રામાણય મંદિરે પહોંચ્યો હતો. ગત તા. 6ઠ્ઠી જાન્યુઆરીએ બિહાર પહોંચેલા આ શિવલિંગને રસ્તામાં અનેક જગ્યાએ શ્રદ્ધાળુઓએ પૂજા દર્શન કરી ધન્યતા અનુભવી હતી. શિવલિંગ લાવનાર ટ્રકની સફર માટે પસાર થનાર રસ્તાઓ અને પુલની મજબૂતાઈથી ચોકસાઈ કરવી પડી હતી. રસ્તામાં ટ્રાફિક જામ ના થાય અથવા તો દર્શનાર્થીઓની ભીડ ના જામે તેની તકેદારી માટે પૂરતો સુરક્ષા બંદોબસ્ત છેક સુધી રાખવો પડેલો. આ આખી લાંબી સફર માટે સડક પરિવહન અને રાજમાર્ગ મંત્રાલયની વિશેષ પરવાનગી મેળવાયેલી, તમિલનાડુથી બિહાર સુધીની શિવલિંગની સફરમાં 14 જેટલા હેલ્પરો સતત સાથે રહ્યા હતા. તમે આ લેખ વાંચતા હશો ત્યારે શિવલિંગની સ્થાપનાના સમાચાર પણ જાણી લીધા હશે. જો કે ગત શનિવારે પ્રસ્થાપિત થયેલ શિવલિંગની સ્થાપના પછી પણ તેને ઢાંકી દેવામાં આવશે અને બે વર્ષ પછી મંદિરના ઉદ્ઘાટન સાથે શાસ્ત્રોક્ત વિધિસર દર્શનાર્થે ખુલ્લું મુકાશે. આ વિરાટ રામાયણ મંદિરના ઉદ્ઘાટન સાથે બિહારના ટુરિઝમને ફાયદો તો થશે જ પણ હજારો લોકોને પ્રત્યક્ષ-પરોક્ષ રીતે રોજગારી મળશે. મતલબ ધર્મ પણ રાષ્ટ્રવિકાસનું એક મજબૂત પરિબળ છે.

|| કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ ||

લેખાંક-૪૭

પૂતનામુક્તિ પછી બાળ-રક્ષા સ્તુતિ

અસુદ્ધિકરણ પછી યશોદા, રોહિણી અને ઉપસ્થિત ઋષિરૂપ ગોપીઓએ ભગવાન શ્રીવિષ્ણુના વિવિધ નામોના ઉચ્ચારણ વડે બાળ-રક્ષા સ્તુતિ (ભા.-10/6.22 થી 29) કરી કે જેનાથી શ્રીબાળકૃષ્ણના શરીરને કોઈ પણ કુપ્રભાવથી સુરક્ષા પ્રાપ્ત થાય. ટૂંકમાં સમજીએ તો તેમણે સ્તુતિમાં કહ્યું, 'અજ'નામથી પ્રખ્યાત અજન્મા ભગવાન આપના પગની રક્ષા કરે. 'મણિમય શ્રીભગવાન' આપના ઘુટણની અને 'ભગવાન યજ્ઞ' આપના જાંઘોની રક્ષા કરે. 'ભગવાન અચ્યુત' આપના કમરના ઉપરના ભાગની અને 'ભગવાન હયગ્રીવ' આપના ઉદરની રક્ષા કરે. 'કેશવ' આપના હૃદયની અને 'ભગવાન ઈશ' આપના વક્ષઃસ્થળની રક્ષા કરે. 'ભગવાન સૂર્ય' આપની ગરદનની અને 'ભગવાન વિષ્ણુ' આપની ભુજાઓની રક્ષા કરે. 'ભગવાન ઉરુક્રમ' આપના મુખની અને 'ભગવાન ઈશ્વર' આપના માથાની રક્ષા કરે. 'ભગવાન ચક્રધર' આગળથી અને 'ભગવાન ગદાધર' પાછળથી આપની રક્ષા કરે. 'ધનુષધારી ભગવાન મધુસુદન' આપની જમણી બાજુથી અને 'ભગવાન અર્જુન' આપની ડાબી બાજુથી રક્ષા કરે. 'ભગવાન ઉરુગાય' એમના શંખથી આપની બધી બાજુથી રક્ષા કરે. 'ભગવાન ઉપેન્દ્ર' આપની ઉપરથી અને 'ભગવાન તાર્ક્ષ્ય' પૃથ્વી પર આપની રક્ષા કરે. 'ભગવાન હલધર' આપની ચારે બાજુઓથી રક્ષા કરે. 'ભગવાન ઋષિકેશ' આપની તમામ ઇન્દ્રિયોની રક્ષા કરે. 'ભગવાન શ્રીનારાયણ' આપના શ્વાસની અને શ્વેતદ્વિપના સ્વામી રહેલા 'નારાયણ' આપના હૃદયની રક્ષા કરે. 'યોગેશ્વર' મનની રક્ષા કરે, 'પૃશ્નીગર્ભ' આપની બુદ્ધિની અને 'શ્રી ભગવાન' આપના આત્માની રક્ષા કરે. આપ જ્યારે રમતા હો ત્યારે ભગવાન 'શ્રી ગોવિંદ' આપની ચારે દિશાઓમાં રક્ષા કરે. આપ જ્યારે સૂતા હો ત્યારે 'ભગવાન માધવ' આપની તમામ સંકટોમાં રક્ષા કરે અને જ્યારે આપ હરી-ફરી રહ્યા હો ત્યારે 'વૈકુંઠના સ્વામી' આપને સુરક્ષા પ્રદાન કરે. પરમાત્માનું મંગલમય નામ સદા-સર્વદા રક્ષણ કરે." આમ સ્તુતિમાં સર્વ અંગો માટે પ્રાર્થના કરવામાં આવી.

માતા યશોદાને દૃઢ વિશ્વાસ હતો કે તેઓ તેમના પુત્રની ડાકણો, રાક્ષસો, ભૂતપ્રેતો વગેરેથી રક્ષા ભગવાનના નામસ્મરણ દ્વારા જ કરી શકશે. એ પણ હકીકત છે કે મનથી જગતનો સંબંધ છોડી દઈને ભગવાનના દર્શનમાં, સ્મરણમાં તન્મય થઈને જે પ્રાર્થના કરે છે અને આ પ્રાર્થનામાં જેટલી તન્મયતા થાય છે તેટલું તેનું ફળ જલ્દી મળે છે. આથી વૈદિકકાળથી ચાલી આવેલા આદેશો અનુસાર ભગવાન વિષ્ણુના નામમાં જ તેમણે શરણ ગ્રહણ કર્યું. ત્યારબાદ તેમને લાગ્યું કે હવે મારો બાળક સુરક્ષિત છે. તેઓ જાણતા નથી કે હું જે માધવને મનાવું છું તે તો મારી ગોદમાં જ રમે છે.

બીજી તરફ તમામ ગ્વાળો ભેગા થઈ ગયા. તેઓ પૂતનાનું શરીર જોઈ અચંબિત થઈ ગયા. નંદ તાજેતરમાં જ મથુરા ગયેલા ત્યારે વસુદેવે જે ભય વ્યક્ત કર્યો હતો તેનું સ્મરણ થયું, તેમની ભવિષ્યવાણીનું સ્મરણ થયું, કે જેમાં આવી ઘટના બનવાનો ભય વ્યક્ત કરાયો હતો. શ્રીકૃષ્ણ એમને પ્રાણથી પણ વિશેષ પ્યારા હતા. પૂતનાના વધ પછી તરત જ તેમણે બાળકને પ્રેમથી ગોદમાં લઈ આશિષ આપી. તેમને પરમ સંતોષ પ્રાપ્ત થયો કે એમનો નાનો બાળક મહાન આપત્તિમાંથી બચી ગયો.

બીજી તરફ બધા વ્રજવાસીઓએ ભેગા થઈ પૂતનાના વિશાળ શરીરના ટુકડા કરી નાખ્યા અને તેને બાળવા માટે લાકડાની ચિતા બનાવી. જ્યારે પૂતનાના શરીરના અંગો બળી રહ્યા હતા, ત્યારે તેમાંથી ઉઠતા ધુમાડામાં 'અગર'(ચંદન)ની સુગંધ ચારેકોર ફેલાતી હતી. એકઠા થયેલા તમામ લોકો આશ્ચર્ય વ્યક્ત કરતા હતા કે આ સુગંધ ક્યાંથી આવી રહી છે? આ સુગંધનો અર્થ એ થતો હતો કે શ્રીકૃષ્ણનાં અંગોનો સ્પર્શ થવાથી પૂતનાનાં તમામ પાપો ધોવાઈ ગયાં હતાં અને તેને સ્વર્ગને અનુકૂળ શરીર પ્રાપ્ત થઈ ચૂક્યું હતું.

પૂતના દુષ્ટ આત્મા હતી અને શ્રીકૃષ્ણ જેવાં તમામ બાળકો પ્રત્યે કંસની આજ્ઞાથી દ્વેષપૂર્ણ વ્યવહાર રાખતી હતી. છતાં તે શ્રીકૃષ્ણને દુગ્ધપાન કરાવવાથી તરત જ અત્યંત પવિત્ર થઈ ગઈ. તેના આગલા જન્મની મનોકામના તો પૂર્ણ થઈ જ પરંતુ સાથે જ તેનું મૃત શરીર પણ દિવ્ય ગુણોને પ્રાપ્ત થયું અને અંતે તેને મોક્ષની પ્રાપ્તિ થઈ ગઈ. 'શ્રીકૃષ્ણ દયાળુ છે. તેમના મારમાં પણ પ્યાર છે. જેને મારે છે તેને તારે પણ છે'. પ્રભુએ પૂતનાને મારી નથી પરંતુ મુક્તિ આપી છે. માટે જ મહર્ષિ વ્યાસજીએ લખ્યું છે, 'દુષ્ટ પૂતનાએ ભગવાનને મારવાની ઈચ્છાથી સ્તનપાન કરાવ્યું પણ તેને એક માતાને યોગ્ય ગતિ પ્રાપ્ત થઈ. જે આવા દયાળુ છે તે ભગવાનનું શરણ છોડીને હવે હું કોના શરણમાં જાઉં'

આ લીલાનું તાત્પર્ય એ જ કે ગમે તેવો દુઃખનો પ્રસંગ આવે ત્યારે પણ પ્રભુનો ઉપકાર માની તેમને વંદન કરવા જોઈએ.

> આ સુગંધનો અર્થ એ થતો હતો કે શ્રીકૃષ્ણનાં અંગોનો સ્પર્શ થવાથી પૂતનાનાં તમામ પાપો ધોવાઇ ગયાં હતાં અને તેને સ્વર્ગને અનુકૂળ શરીર પ્રાપ્ત થઇ ચૂક્યું હતું. પૂતના દુષ્ટ આત્મા હતી અને શ્રીકૃષ્ણ જેવાં તમામ બાળકો પ્રત્યે કંસની આજ્ઞાથી દ્વેષપૂર્ણ વ્યવહાર રાખતી હતી. છતાં તે શ્રીકૃષ્ણને દુગ્ધપાન કરાવવાથી તરત જ અત્યંત પવિત્ર થઇ ગઈ

'પ્રભુએ જે કર્યું છે તે સારું જ કર્યું છે, જે કરી રહ્યા છે તે પણ સારા માટે જ કરી રહ્યા છે અને જે કરશે તે પણ સારા માટે જ કરશે'.

ભગવાનની સેવામાં વપરાયેલી અલ્પશક્તિ પણ અપાર દિવ્ય લાભ પ્રાપ્ત કરાવે છે. શ્રીમદ્ ભાગવતગીતામાં પણ કહ્યું છે, "સ્વલ્પમપ્યસ્ય ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્".

માટે જ ભક્તો પ્રાર્થના કરે છે કે જો પૂતના જેવી રાક્ષસી કે જેણે અનેક બાળકોનો ભોગ લીધો છે, તે પણ જો ફક્ત પોતાનું દૂધ પીવડાવવાથી સદગતી પ્રાપ્ત કરી શકતી હોય તો પછી શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ અને સ્નેહથી શ્રીકૃષ્ણની પૂજા કરવાથી પ્રાપ્ત થતા લાભનું અનુમાન કઈ રીતે કરી શકાય? આ જ રીતે આપણે હવે પછીના આવનારા લેખોમાં પણ સમજશું કે સમસ્ત ગોપીઓ, ગ્વાળો અને ગાયો કે જેમણે વૃન્દાવનમાં અત્યંત પ્રેમ અને સ્નેહથી શ્રીકૃષ્ણની સેવા કરી તે બધા જ આ ભૌતિક સંસારથી મુક્ત થઇ મોક્ષને પ્રાપ્ત થઈ ગયા.

અધ્યાત્મ દર્શન
અનુપ શાહ

(ક્રમશઃ)